# RBIની ચેતવણી : એનીડેસ્ક એપ ડાઉનલોડ ન કરો, ખાતુ ખાલી થશે

નવી દિલ્હી | આરબીઆઈએ મોબાઈલ ફોન મારફત લેવડ-દેવડ કરનારા પર નેટ બેન્કિંગનો ઉપયોગ કરનારાને પ્લેસ્ટોર અને એપસ્ટોરમાં ઉપલબ્ધ એનીડેસ્ક જેવી એપ ઈન્સ્ટોલ કરતી વખતે સાવધાની રાખવા કહ્યું છે. આ પ્રકારની એપ યુપીઆઈ અને મોબાઈલ વોલેટ મારફત મિનિટોમાં તમારા રૂપિયા ઉડાવી શકે છે. આરબીઆઈએ 14 ફેબ્રુઆરીએ એક એલર્ટમાં કહ્યું છે, 'યુપીઆઈ પ્લેટફોર્મ પર લેવડ-દેવડ કરનારા સાથે છેતરપિંડીના કિસ્સા વધી રહ્યા છે. મોબાઈલ ફોનને રિમોટ એક્સેસ પર લઈ બેન્ક ખાતામાંથી રૂપિયા કાઢવાનો નવો કિમિયો સામે આવ્યો છે.